# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ**વાંચે છે.

*****************************************************

1) પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા આજે ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીત થશે.

2) મથુરાના વૃંદાવનમા હોડી પલટી જતાં થયેલ દુર્ઘટનામાં મૃત્યુઆંક 10એ પહોંચ્યો

3) સરકારે કાપડ ઉદ્યોગના ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજનાના ત્રીજા તબક્કા હેઠળ 52 નવી અરજીઓને મંજૂરી આપી.

4) વર્ષ 2025-26માં 3 કરોડ 98 લાખ મુસાફરોએ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં મુસાફરી કરી.

5) ઇસરોએ ગગનયાન મિશન માટે બીજું સંકલિત એર ડ્રોપ ટેસ્ટ પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધર્યું.

6) IPLમાં રાજસ્થાન રોયલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલોરને છ વિકેટે હરાવ્યું.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# US - IRAN TALKS

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટે આજે ઇસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીત થશે. અમેરિકાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ કરશે. તેમની સાથે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને સલાહકાર જેરેડ કુશનર પણ હશે. ઈરાનનું પ્રતિનિધિત્વ સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર કાલિબાફ કરશે.

આ વાતચીતમાં ખાસ કરીને ઈરાનના પરમાણુ કાર્યક્રમ, બેલિસ્ટિક મિસાઈલ અને હોર્મુંઝ સામુદ્રધુની પર ચર્ચા થવાની અપેક્ષા છે. હોર્મુંઝમાં સેંકડો તેલ ટેન્કરો ફસાયેલા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત કર્યા પછી આ વાતચીત થઈ રહી છે. ઈરાન આ પ્રસ્તાવિત યુદ્ધવિરામની સાથે સાથે આ સંઘર્ષનો કાયમી અંત આવે તેવી પણ અમેરિકા પાસે ઈચ્છા રાખી રહ્યું છે. ઈરાનના 10-મુદ્દાના પ્રસ્તાવમાં હોર્મુંઝ સામુદ્રધુની પર નિયંત્રણ, પ્રાદેશિક ઠેકાણાઓ પરથી અમેરિકન દળોને પાછા ખેંચવાની, યુરેનિયમને સમૃદ્ધ બનાવવાનો અધિકાર અને લેબનોનમાં હિઝબુલ્લાહ પર ઇઝરાયલી હુમલાઓનો અંત લાવવાની માંગ કરવામાં આવી છે.

અમેરિકાએ અગાઉ દરિયાઈ સુરક્ષા, પરમાણુ અને મિસાઈલ પ્રતિબંધો સંબંધિત 15-મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

આ ઉપરાંત, ઇઝરાયલ અને લેબનોન વચ્ચે વાટાઘાટો પણ આવતા અઠવાડિયે વોશિંગ્ટનમાં શરૂ થવાની ધારણા છે.

# INDIA -ISRAEL

પશ્ચિમ એશિયામાં બે અઠવાડિયાના યુદ્ધવિરામ છતાં ઇઝરાયલ દ્વારા સતત હુમલાઓ વચ્ચે લેબનોનમાં નાગરિકોના મૃત્યુની સંખ્યામાં વધારો થવા પર ભારતે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નાગરિકોનું રક્ષણ તેમની પ્રાથમિકતા છે. નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વર્તમાન પરિસ્થિતિની ચિંતા કરતા વધુ માહિતી આપી હતી.

(BYTE: Randhir Jaiswal - 14 SECS)

# UP BOAT DEATH

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં યમુના નદીમાં લુધિયાણાથી શ્રદ્ધાળુઓને લઈ જતી એક હોડી પલટી જતાં અત્યારસુધીમાં 10 લોકોના મોત થયા છે.જ્યારે બચાવ કામગીરી ચાલી રહી છે. આગ્રા રેન્જના ડીઆઈજી શૈલેષ કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, બચાવ કામગીરી દરમિયાન ડૂબી ગયેલી મોટરબોટને બહાર કાઢવામાં આવી છે. આ કામગીરી ચાર કલાકથી વધુ સમય ચાલી હતી કારણ કે એવી આશંકા હતી કે લોકો બોટ નીચે ફસાયેલા હોઈ શકે છે.

(BYTE: આગ્રા રેન્જ- ડીઆઈજી - શૈલેષ કુમાર પાંડે )

# TEXTILE INDUSTRY PROMOTION SCHEME

કાપડ ઉદ્યોગ માટે પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજનાના ત્રીજા તબક્કા હેઠળ સરકારે 52 નવી અરજીઓને મંજૂરી આપી છે. કાપડ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ અરજદારોએ 6 હજાર 708 કરોડ રૂપિયાના રોકાણ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, જેનું ટર્નઓવર 21 હજાર 186 કરોડ રૂપિયા થવાનો અંદાજ છે. મંજૂર કરાયેલી દરખાસ્તો કાપડ ક્ષેત્રને, ખાસ કરીને માનવસર્જિત રેસા અને ટેકનિકલ કાપડના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આ રોકાણો સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓમાં વધારો કરશે, નવીનતાને પ્રોત્સાહન આપશે અને વૈશ્વિક કાપડ બજારમાં ભારતનું સ્થાન મજબૂત કરશે.

કાપડ ઉદ્યોગ માટે PLI યોજના સરકારની એક મુખ્ય પહેલ છે જેનો હેતુ ઉચ્ચ-મૂલ્યના કાપડ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, રોકાણ આકર્ષવા અને દેશભરમાં રોજગારીની તકો ઊભી કરવાનો છે.

# ADB – INDIA'S GROWTH

એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ ચાલુ નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતનો વિકાસ દર 6.5 ટકાથી વધારીને 6.9 ટકા કર્યો છે. ADB ના એશિયન ડેવલપમેન્ટ આઉટલુક અનુસાર, મજબૂત સ્થાનિક માંગ, સરળ ધિરાણની સ્થિતિ અને ભારતીય માલ પર અમેરીકન ટેરિફમાં ઘટાડાને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો વિકાસ દર મજબૂત રહેવાની ધારણા છે.

**પશ્ચિમ એશિયામાં સંઘર્ષ અને સતત વેપાર અનિશ્ચિતતાને કારણે આ ક્ષેત્રમાં આર્થિક વિકાસ આવતા વર્ષે 5.1 ટકા થવાની ધારણા છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# FOREIGN EXCHANGE RESERVES

**ત્રીજી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં નવ અબજ ડોલરથી વધુનો વધારો થયો છે. ભારતીય રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર, એપ્રિલના પહેલા સપ્તાહમાં દેશના વિદેશી હૂંડિયામણ ભંડારમાં જોરદાર વધારો જોવા મળ્યો છે. આ વધારો પાછલા સપ્તાહમાં 10 અબજ ડોલરથી વધુના નોંધપાત્ર ઘટાડા પછી થયો છે. ગયા સપ્તાહે વિદેશી હૂંડિયામણ ભંડાર છ ટ્રિલિયન 88 અબજ ડોલરથી વધુ હતો.**

સોનાના ભંડારમાં સાત અબજ 21 મિલિયન ડોલરનો વધારો થયો છે, જેના કારણે સોનાના ભંડારનું કુલ મૂલ્ય એક ટ્રિલિયન 20 અબજ ડોલર થયું છે. વિદેશી ચલણ સંપત્તિમાં પણ એક અબજ 78 કરોડ 40 લાખ ડોલરનો વધારો થઈને પાંચ ટ્રિલિયન 52 અબજ ડોલરથી વધુ થઈ ગઈ છે.

## VANDEBHARAT TRAIN

નાણાકીય વર્ષ 2025-26 માં વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોમાં લગભગ 3 કરોડ 98 લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી, જે નેટવર્ક પર મુસાફરોના સમર્થનમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ નાણાકીય વર્ષ 2024-25 માં 2 કરોડ 97 લાખ મુસાફરોથી વાર્ષિક ધોરણે લગભગ 34 ટકાનો વધારો થયો છે. રેલ્વે મંત્રાલયે જણાવ્યું હતું કે આ વધારો દેશભરના મુસાફરોમાં ઝડપી, આરામદાયક અને આધુનિક રેલ મુસાફરી માટે વધતી પસંદગીને દર્શાવે છે. અને કહ્યું હતું કે વંદે ભારત એક્સપ્રેસે તેની શરૂઆતથી અત્યાર સુધી 9.1 કરોડથી વધુ મુસાફરોને સેવા આપી છે.

## ISRO - GAGANYAAN

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) એ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આગામી ગગનયાન મિશન માટે બીજું સંકલિત એર ડ્રોપ ટેસ્ટ (IADT-02) સફળતાપૂર્વક હાથ ધર્યું છે.

ક્રૂ મોડ્યુલ - કેપ્સ્યુલ જેમાં અવકાશયાત્રીઓ માનવ ઉડાન દરમિયાન બેસે છે - તેની સલામત પુનઃપ્રાપ્તિ સુનિશ્ચિત કરવા માટે આ સિસ્ટમ આવશ્યક છે.

મોડ્યુલના પ્રકાશન પછી 10 પેરાશૂટ ધરાવતી પેરાશૂટ સિસ્ટમ તૈનાત કરવામાં આવી હતી જે કેપ્સ્યુલને સુરક્ષિત સ્પ્લેશડાઉન ગતિમાં ધીમી કરવામાં મદદ કરે છે. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંહે ISROને સફળતાપૂર્વક પરીક્ષણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા છે.ઉલ્લેખનીય છે કે ભારતનું પ્રથમ માનવ અવકાશયાન 2027 માં શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવશે.

## ARTEMIS II

નાસાના આર્ટેમિસ-2ના ચંદ્ર મિશનના ચાર ક્રૂ સભ્યો આજે વહેલી સવારે પૃથ્વી પર પાછા ફર્યા છે.. ૧૦ દિવસના આર્ટેમિસ 2 મિશન દરમિયાન અવકાશયાત્રીઓએ પૃથ્વીથી અત્યાર સુધીના સૌથી દૂરના અંતરનો નવો રેકોર્ડ બનાવ્યો છે. આ અવકાશયાત્રીઓ નાસાના વિશાળ સ્પેસ લોન્ચ સિસ્ટમ રોકેટ પર લોન્ચ કરનારા અને ઓરિઅન અવકાશયાનમાં મુસાફરી કરનારા પ્રથમ વ્યક્તિ ઓ પણ બન્યા છે.

## IPL

IPL ક્રિકેટમાં, ગઈકાલે ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને છ વિકેટે હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને 201 રન બનાવ્યા. જવાબમાં, લક્ષ્યનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 18 ઓવરમાં ચાર વિકેટ ગુમાવી 202 રન બનાવ્યા. વૈભવ સૂર્યવંશીને 26 બોલમાં 78 રનની ઝડપી રમત બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આજે, પંજાબ કિંગ્સ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે. આ મેચ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. અને ચેન્નાઈ સુપર કિંગ્સ દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

## ASIAN WRESTLING CHAMPIONSHIPS

કિર્ગિસ્તાનના બિશ્કેકમાં આયોજિત એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતની મીનાક્ષી ગોયતે મહિલા 53 કિગ્રા વર્ગમાં રજત ચંદ્રક જીત્યો છે. અભિમન્યુ માંડવાલે સેમિફાઇનલમાં ગત ચેમ્પિયન કિર્ગિસ્તાનના ખેલાડિને 6-3થી હરાવીને 70 કિગ્રા ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ફાઈનલમાં તેનો સામનો મંગોલિયાના ખેલાડી  સામે થશે. સંદીપ માન પણ સેમિફાઇનલમાં તાજિકિસ્તાનના ખેલાડિને 10-0થી હરાવીને 79 કિગ્રા ફાઇનલમાં પહોંચ્યા છે. ભારતીય પુરુષોએ આ સ્પર્ધામાં કુલ પાંચ ચંદ્રક જીત્યા, જેમાં બે રજત અને ત્રણ કાંસ્યનો સમાવેશ થાય છે, જ્યારે મહિલા ટીમે પણ પાંચ ચંદ્રક જીત્યા છે, જેમાં એક રજત અને ચાર કાંસ્યનો સમાવેશ થાય છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- આજના અખબારોમાં અલગ-અલગ સમાચારો લેવાયા છે.
- સંદેશ લખે છે કે, 10 હજારથી વધુના ડિજિટલ પેમેન્ટ પર કલાકની બ્રેક લાગશે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, હૉર્મુંઝ સ્ટ્રેટ ખોલવાનું વચન પાળોઃ ટ્રમ્પ, લેબેનોન પર હુમલા શરત ભંગઃ ઈરાન.
- ફૂલછાબ લખે છે કે, ઈરાન-અમેરિકાના યુદ્ધવિરામની આજે પાકિસ્તાનમાં કસોટી.
- નવગુજરાત સમય લખે છે કે, વેન્સ પાકિસ્તાન પહોંચી ગયા, ઇરાને સસ્પેન્સ સર્જ્યું.
- અને ગુજરાત સમચારે લખ્યું છે કે, ફ્રાન્સ વિન્ડોઝને પડતી મૂકી લીનક્સ વાપરશે.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 11 હજાર જેટલા ફોર્મ ભરાયા: આજે છેલ્લો દિવસ, અમરેલી અને ભાવનગરમાં 3.7ની તીવ્રતાનો ભૂકંપ, કાચા માલના ભાવ વધારાથી સાબુ ઉદ્યોગ ઠપ્પ, 20 હજારે નોકરી ગુમાવી જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.